## જન્મદિને વધામણી



જવેર રાજેશભાઈ નંદા
મો. ૯૯૭૮૫ ૪૩૮૪૪



ભાવેશ જોઈતાભાઈ પ્રજાપતિ
મો. ૯૪૦૮૮ ૦૯૯૦૦



સ્પર્શ મુકેશભાઈ ગુર્જર
મો. ૯૮૨૪૪ ૭૬૨૬૪



ડેલ્વિના ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



કૃણાલ દિલીપભાઈ ગોહેલ
મો. ૯૯૭૪૦ ૫૨૯૮૪



વિદિત હિરેનભાઈ ગોહેલ
મો. ૯૪૨૭૦ ૭૦૧૭૦



વ્રિન્દા હિરેનભાઈ ગોહેલ
મો. ૯૪૨૭૦ ૭૦૧૭૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### સાસણ ગીર ખાતે

# મૉનસૂન ફૅસ્ટીવલમાં ગાંધીનગરના કલાકારો છવાયા







## ‘વેણુભારતી’ના કલાકારો દ્વારા પ્રાચિન ગરબો, મિશ્ર રાસ, રાજસ્થાની નૃત્ય, રાસ, ગરબી, ટીપ્પણીની મનોહર રજૂઆત

નગરની જાણીતી કલાસંસ્થા વેણુભારતી દ્વારા ગુજરાતના સુવિખ્યાત પર્યટન સ્થળ સાસણ ગીર ખાતે લોકનૃત્યોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સાસણ ગીર ખાતે ગુજરાત સરકાર દ્વારા ગત તા. ૧૦ જુલાઈથી મૉનસૂન ફૅસ્ટીવલનો પ્રારંભ થયો છે, જે આગામી ૧૦ ઑગષ્ટ સુધી કાયમ રહેશે. આ ઉજવણીના અંતિમ ચરણમાં બે દિવસ માટે પર્યટકો માટે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વેણુભારતીના કલાકારો દ્વારા પ્રાચિન ગરબો, મિશ્ર રાસ, રાજસ્થાની નૃત્ય, રાસ, ગરબી, ટીપ્પણી જેવી કૃતિઓની મનોહર રજૂઆત કરવામાં આવી હતી, જેને પ્રેક્ષકો તરફથી ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી. સંસ્થાના ડિરેક્ટર નીતિન દવેની આગેવાનીમાં ૧૮ જેટલા કલાકારોએ સળંગ ૯૦ મિનિટનો કાર્યક્રમ આપી ઉપસ્થિત સૌની વાહવાહી લૂંટી હતી અને ગાંધીનગરની યશકલગીમાં સફળતાનું વધુ એક પિંછું ઉમેર્યું હતું.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગરથી ૧૦૫ કિમી દૂર સ્થિત આણંદ ખાતે અમુલ ડેરી તથા સરદાર પટેલ સ્મારક, કરમસદની મુલાકાત લેવામાં આવી હતી. ઍફવાયબીકૉમના ૩૦૬ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે વ્યાવહારિક જ્ઞાન મળી રહે તે હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને અમુલ પ્લાન્ટ ખાતે ડેરીના સુપરવાઈઝર દ્વારા દૂધની આયાત, દૂધની બનાવટો, સપ્લાય, ચેઈન મૅનેજમૅન્ટ વગેરેને લગતી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ડૉ. ચેતન ઠાકર, પ્રા. નીના ગણેશન તથા પ્રા. હિમાંશુ ઠક્કરના વડપણ હેઠળ આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પી.કે. ચૌધરી કોલેજ ખાતે નવા એનએસએસ સ્વયંસેવકો માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે એનએસએસમાં એફ.વાય. બી.એ.ની નવી જોડાયેલી વોલન્ટિયર્સ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. રિસોર્સ પર્સન તરીકે ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના પ્રૌઢ શિક્ષણ અભિયાનના ડાયરેકટરશ્રી ડૉ. લક્ષ્મણભાઈ અવૈયા હતા. તેઓએ વોલન્ટિયર્સને પ્રાસંગિક વાત કરતા કહ્યું હતું કે તેમણે ઉચ્ચ શિક્ષણ મેળવીને સમાજની નિરક્ષર વ્યકિતઓને સાક્ષર બનાવવી જોઈએ, સ્ત્રી ભૃણ હત્યા એ આધુનિક સમાજનું કલંક છે એ માનવજાતનો ઈશ્વર પ્રત્યેનો અક્ષમ્ય અપરાધ છે એવી જાગૃતિ આણવી જોઈએ તો જ તેમણે સાચી કેળવણી મેળવી એમ ગણાશે. આ પ્રસંગે તેઓશ્રીએ સ્વરચિત ગીત ‘દીકરી મોંઘા મૂલની’ની ડોકયુમેન્ટરી ફિલ્મ કે જેના નિર્માતા પણ તેઓ પોતે છે તે વિદ્યાર્થીનીઓને બતાવી હતી. જેમાં સ્વર અરવિંદ બારોટ અને મીના પટેલનો છે. આ પ્રસંગે મહેમાનોને આવકારતા કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરીએ વિદ્યાર્થીનીઓને જણાવ્યું હતું કે એનએસએસ જેવી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓથી તેમના વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ થાય છે જેનો લાભ સમાજને પણ મળે છે. કાર્યક્રમને અંતે બી.એ. સેમ-૩ (અંગ્રેજી)ની વિદ્યાર્થીની નિકી ચૌધરીએ ડૉ. લક્ષ્મણભાઈ પાસેથી ‘દિકરી બચાવો’ અભિયાનના પ્રસાર માટે માર્ગદર્શન મેળવ્યું હતું અને કાજલ ચાવડા, રિપલ, કૃશાલ પ્રજાપતિ, પ્રિયંકાએ કાર્યક્રમના આયોજનમાં સહકાર આપ્યો હતો.

### ઑગષ્ટ માસના પ્રથમ રવિવારે યોજાયેલી

# પુસ્તક પરબમાં ઝરમર વરસાદ છતાં સાહિત્ય પ્રેમીઓ ઉમળકાભેર આવ્યા



## દોઢસોથી વધુ વાચન પ્રેમીઓએ પુસ્તકો અને સામયિકો મફત મેળવ્યા : ગાંધીનગરના સર્જકોએ ગીત-ગઝલની મહેફિલ જમાવી

ગાંધીનગર, તા. ૮

શ્રાવણીયા વરસાદની રિમઝિમ ફુહાર વચ્ચે પણ દર માસના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબમાં આ વખતે સાહિત્યપ્રેમીઓ ઉમળકાભેર આવ્યા હતા. માતૃભાષા અભિયાન અંતર્ગત પ્રજ્ઞાબેન પટેલના વડપણ હેઠળ યોજાતી પુસ્તક પરબમાં આ વખતે દોઢસોથી વધુ લોકોએ પુસ્તકો અને સામયિકો મફત મેળવ્યાં હતાં.

આ પુસ્તક પરબમાં કવિ કિશોર જીકાદરા, અશોક ત્રિવેદી, ધૂર્જટી પ્રજાપતિ, રણછોડ પરમાર, રોહા પરમાર અને સંજય થોરાત પોતાની સ્વૈચ્છિક સેવાઓ પૂરી પાડે છે.

ઑગષ્ટ માસની પુસ્તક પરબમાં ઉપસ્થિત સર્જકોએ ગીત-ગઝલની એક મહેફિલનું આયોજન પણ કર્યું હતું. કિશોર જીકાદરાએ ‘કેવું લાગે’, સંજય થોરાતે ‘પ્લેસમૅન્ટ’ ઉપરાંત અજય ઉપાધ્યાય, પરાગ પંડ્યા અને સ્વાતિ શુક્લએ પણ પોતાની રચનાઓ સંભળાવી હતી. પુસ્તક પરબ થકી ગુજરાતી સાહિત્યના પ્રચારની પ્રવૃત્તિને બિરદાવવા આઈએઍસ વી ઍસ ગઢવી, ઍચ બી વરિયા, ડૉ. પરેશ વૉરા વગેરે નિયમિત આવે છે. દર માસના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબનો લાભ સૌએ લેવા જેવો છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૯.૪૫

**સ્ક્રીન-૨**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૩.૩૦, ૧૦.૦૦
ઢીશૂમ
૧.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
ધી બીઍફજી
(૩ડી-હિન્દી)
૧૨.૩૦
જેસન બૉર્ન
(૩ડી-અંગ્રેજી)
૨.૪૫, ૭.૩૦, ૧૦.૦૦
જેસન બૉર્ન
(૩ડી-હિન્દી)
૫.૧૫

**સ્ક્રીન-૪**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
સવારે ૧૦.૦૦
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૧.૦૦, ૭.૦૦
સુલતાન
૪.૦૦
ફિવર
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૧૨.૩૦, ૬.૩૦
ઢીશૂમ
૩.૪૫
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૯.૩૦

## આર. એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ઝળક્યા





ગાંધીનગર, તા. ૮

આર.એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ રમતગમતની સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે. જિલ્લા કક્ષાએ શાળાના જે વિદ્યાર્થીઓ સ્વીમીંગમાં વિજેતા બન્યા છે તે ટૂંક જ સમયમાં રાજયકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેશે.

તાજેતરમાં જિલ્લા કક્ષાની સ્વીમીંગ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં આર.એન. પટેલ શાળામાં અભ્યાસ કરતો સ્નેહ પટેલ કે જે સ્વમીંગમાં ૨૦૦ મીટર બોક સ્ટ્રોકમાં પ્રથમ ક્રમાંક અને દ્વિતીય ક્રમાંક મેળવી વિજેતા બન્યો છે તેમજ તેની રાજયકક્ષા સ્પર્ધા માટે પસંદગી પણ કરાઈ છે. આ સિધ્ધી બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# જીવન સિરીયસ નહીં, સૅન્સિબલ હોવું જોઈએ

અંધારાથી ડર્યા વગર દીવો કરી જુઓ
અજવાસ આવશે નજર, દીવો કરી જુઓ
અંદર સુધી ઉજાસનો અનુભવ થઈ જશે
સગપણ વગર કબર ઉપર દીવો કરી જુઓ

- અશોક ચાવડા



આત્મનાદ
પુલક ત્રિવેદી

ચૅરિટી બિગીન્સ ઍટ હોમ.... થાકેલો, હારેલો, બિચારો અને બાપડો એવો જણ સંસ્કાર અને ચેતનાનો વિચાર પણ શું કરી શકે? શુભ, સત્ય, સનાતન, વિશ્વાસ, આનંદ અને ઉલ્લાસ મનના પરિઘમાં રચાતો શુભત્વનો મજાનો સંદેશ છે, જે ખુદ વેચાઈ ગયો છે એ શુભત્વને શું વહેંચશે ? મનથી ચુંથાયેલો, ફેલાયેલો કદાચ વાતો કરી શકે પણ શુભત્વના-આનંદના સંદેશાને વહેવડાવી ન શકે? એની માટે નાચવું અને ગાવું પડે...

થાકીને બેઠો છું, હારીને નહીં
એક બાજી ગઈ છે જિંદગી નહીં
એક તારીખ બદલાશે ખાલી આજે
જિંદગી તો જાતે જ બદલવી પડશે

મનમાં ચિનગારી ભડકવી જોઈએ એમ બધા જ કહે છે પણ આ ચિનગારી સતત, સદૈવ, જલતી, પ્રજ્વલિત રહેવી જોઈએ. એની માટે શું કરી શકાય ? જીવનમાં ખરેખર આપણે ખૂબ ખુશ હોઈએ એવા દિવસો બહુ ઓછા હોય છે. જ્યારે આ દિવસોને યાદ કરીએ ત્યારે મનમાં રંગબેરંગી ફૂલો ખીલે, મધુરું સંગીત આપોઆપ રેલાવા માંડે, હોઠો પરથી ગીત સરી પડે, આંખોમાં ચમક આવી જાય.

આપણે આપણી જિંદગીના આવા પ્રસંગો એક મિનિટ માટે વિચારી જોઈએ... કોઈની સામે કે આજુબાજુ જોવાની ક્યાં જરૂર છે ? આ શું કહેશે કે શું વિચારશે ? એવું વિચારવાની જરૂર નથી. ઓશો કહે છે કે, ‘દુનિયામેં સબસે બડા રોગ ક્યા કહેંગે લોગ...’ આપણે આ રોગમાં પડવાનું નથી. એક મિનિટ માટે જીવનની અત્યંત ખુશીની એ પળો વિચારો... આંખોમાં અદ્ભૂત ચમકનાં દર્શન થશે. ‘ચૅરિટી બિગીન્સ ઍટ હોમ’ માટે આ ચમક, આ ખુશી અગત્યનો પાયો છે.



સૌથી મોટો સવાલ એ છે કે આ ચમક, આ ખુશી હંમેશ માટે નહીં તો વધુમાં વધુ સમય માટે કેવી રીતે ટકાવી શકીએ ? આપણા મનમસ્તિષ્કમાં હજારો, લાખો, સ્પાર્ક, ચિનગારી હોય છે. શ્રી અરવિંદ ઘોષ કહે છે કે માણસના સો ટકા બ્રેઈનસૅલ્સ પૈકી માત્ર ત્રણ ટકા બ્રેઈનસૅલ્સ જ કામ કરે છે, બાકીના ૯૭ ટકા બ્રેઈનસૅલ્સ સુષુપ્ત હોય છે. અને આપણે વ્યવસ્થિત દેખાઈએ છીએ. બુદ્ધ, મહાવીર, સૉક્રેટિસ, ગુર્જયેફ, ગાંધીજી જેવા જાગી ગયેલા વ્યક્તિત્વના ચારથી પાંચ ટકા બ્રેઈનસૅલ્સ કામ કરે છે. એમના પણ ૯૫ ટકા બ્રેઈનસૅલ્સ સુષુપ્ત જ હોય છે. મૂળ વાત મન-મસ્તિષ્કના હજારો, લાખો સ્પાર્કને કેવી રીતે વધુમાં વધુ સમય-લાંબો સમય પ્રજ્વલિત રાખવા એ છે.

એક નાનું બાળક મનગમતું રમકડું મળતાંવેંત સોફા કે પલંગ પરથી કૂદકો મારે છે અને ઢગલો આનંદ અભિવ્યક્ત કરે છે. તેની આંખોમાં ખુશીઓના મોતીના દાણા વેરાય છે. ગાર્ડનમાં લપસણી ખાતાં ખડખડાટ હસે છે, મમ્મી-પપ્પા, દાદા-દાદી પાસે વાર્તા સાંભળતાં ઍક્સાઈટેડ થઈ જાય છે. યાદ કરો, આપણું બાળપણ આવું જ મસ્ત હતું ને ? રૂપિયા, પૈસા, ગૌણ છે. મૂળતઃ વાત આનંદના સ્પાર્કની છે. તો પછી જેમ-જેમ વય વધે એમ-એમ આ સ્પાર્ક ઘટતો કેમ જાય છે ? આ હસી-ખુશી ઓછી કેમ થતી જાય છે ?

આ સ્પાર્ક-ચિનગારી એક દીપકની જ્યોત જેવી છે. દીપકની જ્યોતને બે બાબત જોઈએ. એક તો ઈંધણ-નર્ચરિંગ કરવાની આવશ્યકતા અને બીજું પવન-તોફાનથી એનું જતન કરવાની આવશ્યકતા.

ભૌતિક સવલતો સફળતાનો માપદંડ હોય છે. ‘ફાઈનાન્સિયલ કૅપેબિલીટી’ અમુક હદ સુધી બરાબર છે. પણ જીવનનો આ જ મંત્ર ન હોઈ શકે ? અને જો એમ જ હોય તો પછી મુકેશ અંબાણી, રતન ટાટા જેવા ઉદ્યોગપતિઓ રોજેરોજ કામ ઉપર જતાં જ ન હોત, શાહરૂખ ખાન કે અમિતાભ બચ્ચન પ્રતિદિન શૂટીંગ માટે ન જતા હોત, કોહલી અને ધોની રોજેરોજ ક્રિકેટ પ્રૅક્ટિસ કરતા જ ન હોત. આ લોકો રોજ કામ ઉપર આવે છે કારણ કે એમને જીવનને ઝીંદાદિલ બનાવી રાખવું છે. જીવનની ઝીંદાદિલી માટે શારીરિક સુખ અને સંબંધોનું સુખ આવશ્યક છે. જીવનને સિરીયસ (ગંભીર) નહીં, સૅન્સીબલ (અર્થસભર) બનાવવું જોઈએ.

આનંદસભર સત્ત્વશીલ જીવન માટે મહત્ત્વનાં ત્રણ પાસાં ઉપર મોજથી કામ કરવું પડે. રીઝનેબલ ગોલ, બૅલેન્સિંગ નેચર અને ડુ નોટ બી મચ સિરીયસ. જીવનમાં આનંદના સ્પાર્કને બુઝાવવા માટે ચાર પ્રકારનાં મસમોટાં તોફાનો સતત વિકરાળ ડાચું ફાડીને ઊભાં હોય છે : (૧) ડીસઍપોઈન્ટમૅન્ટ (નિરાશા), (૨) ઍઝમ્પશન (અનુમાન), (૩) ફ્રસ્ટ્રેશન (પરેશાની) અને (૪) નૉન ફોકસ્ડ (લક્ષ્યવિહોણાપણું). જીવનની હકારાત્મક ચિનગારી જ આપણું સાચું સુખ છે, આપણી આંખોની ચમક છે, એને જીવાડવી છે.

જીવનમાં દિવસો અને વર્ષો ગોઠવીને જીવનને લાંબું કરવાનો પ્રયાસ નથી કરવો. આ આનંદ અને ચેતનાને લંબાવીને જીવનને હરિયાળું કરવું છે. આ ચૅરિટીને દોરી બાંધીને જીવનના આકાશમાં ચગાવવી છે. હવામાં લહેરાવવી છે. ખૂબ ‘સ્માઈલ’ સાથે જીવનને મોજીલું-હરિયાળું અને તંદુરસ્ત બનાવવું છે.

‘જીવનમાં સફળ થવું હોય અને ચૅરિટી બિગીન્સ ઍટ હોમ’ના મંત્રને સાકાર કરવો હોય તો... પાંચ વાક્યોને મનમાંથી કાઢીને કચરાના ડબ્બામાં હંમેશ માટે ફેંકી દો : (૧) લોકો શું કહેશે ? (૨) આ મારાથી નહીં થાય (૩) મારો મૂડ સારો નથી (૪) મારું નસીબ જ ખરાબ છે (૫) મારી પાસે સમય જ નથી...

હંમેશા કહેતા રહો અને દઢપણે માનતા રહો કે હું શ્રેષ્ઠ છું, હું બધી કરી શકું છું. કારણ પ્રભુ હંમેશાં મારી સાથે જ છે ! શુભ, સત્ત્વ અને સત્ય - સંસ્કારની ચિનગારી મારામાં સદા-સર્વદા પ્રજ્વલિત છે.

ધબકાર

કેવળ દવાથી અમારો રોગ નહીં મટે, સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં

(મરીઝ)

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**‘યાદ દાદા-દાદીની’**